# ગુજરાત વિધાનસભા સચિવાલય ચૌદમી વિધાનસભા

## આઠમું સત્ર

## ગુરુવાર, ૨૫ માર્ચ, ૨૦૨૧

## બપોરે ૧૨:૦૦વાગ્યે

1.
## પ્રશ્નોત્તરી

(1)
### ટૂંકી મુદતનો પ્રશ્ન

માનનીય સભ્યશ્રી અશ્વિનભાઇ કોટવાલનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક-૬૮

"સાબરકાંઠા જિલ્લામાં કોબીજના ભેળસેળયુકત બિયારણથી થયેલ નુકસાન"

......માનનીય કૃષિ મંત્રીશ્રી

(2)
### તારાંકિત પ્રશ્નોત્તરી

(૧) માનનીય કૃષિ, ગ્રામ વિકાસ, વાહન વ્યવહાર મંત્રીશ્રી

(૨) માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, કુટીર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી

(૩) માનનીય પ્રવાસન, મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી

(૪) માનનીય સહકાર, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

2.
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

| પ્રભારી મંત્રીશ્રી | માગણી નંબર | માગણીનો જેની સાથે સંબંધ હોય તે સેવા | | માગણીની રકમ રૂ. | અંદાજપત્ર પ્રકાશન નંબર અને પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| | | વન અને પર્યાવરણ વિભાગ | | | અં.પ્ર.નં. ૮ |
| પર્યાવરણ મંત્રીશ્રી (રા.ક.) | ૨૭ | પર્યાવરણ | મહેસૂલ | ૨૯,૭૪,૨૫,૦૦૦ | ૭ થી ૯, ૨૮ અને ૨૯ |
| | | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | | | |
| | | | | | અં.પ્ર.નં. ૧૯ |
| પંચાયત મંત્રીશ્રી (રા.ક.) | ૭૦ | સમૂહ વિકાસ | મહેસૂલ | ૩૦,૯૧,૩૫,૫૭,૦૦૦ | ૪૨ થી ૬૩ |

3.

## બિન-સરકારી કામકાજ

(1)

### બિન-સરકારી વિધેયકો

**દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો**

(i)

સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઈવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક

**......માનનીય સભ્યશ્રી બાબુભાઈ પટેલ**

(ii)

સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક

**......માનનીય સભ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

(2)

### બિન-સરકારી સંકલ્પો

(i) **માનનીય સભ્યશ્રી સંજયભાઈ સોલંકીનો સંકલ્પ**

કોરોના મહામારીના કારણે નાગરિકોના ધંધા-રોજગાર પર માઠી અસર પડી છે તેમજ જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવો વધવાના કારણે નાના અને મધ્યમ વર્ગના નાગરિકો મુશ્કેલીમાં મૂકાઈ રહ્યા છે. ત્યારે નાના અને મધ્યમ વર્ગ તેમજ ગૃહિણીઓને રાહત મળી રહે તે માટે જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવોને અંકુશમાં લાવવા માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(ii) **માનનીય સભ્યશ્રી ઋત્વિકભાઈ મકવાણાનો સંકલ્પ**

રાજ્યમાં ૩,૯૨,૪૧૮ શિક્ષિત અને ૨૦,૫૬૬ અર્ધશિક્ષિત એમ મળીને કુલ ૪,૧૨,૯૮૪ બેરોજગારો નોંધાયેલા છે. જે પૈકી બે વર્ષમાં ૧,૭૭૭ બેરોજગારોને જ સરકારી નોકરી આપવામાં આવી છે. છેલ્લા બે વર્ષમાં મહીસાગર, ખેડા, મોરબી, નર્મદા, નવસારી, ભરૂચ, જૂનાગઢ, અમદાવાદ, સુરત, વડોદરા, કચ્છ, દાહોદ, વલસાડ, તાપી અને ડાંગ મળીને કુલ ૧૫ જીલ્લાઓમાં એક પણ બેરોજગારને સરકારી નોકરી આપવામાં આવી નથી. રાજ્ય સરકારના લાખોને નોકરી આપવાના અને ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરતીના દાવાઓ સામે વાસ્તવિકતા કંઈક અલગ જ છે. આમ, રાજયમાં નોંધાયેલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો અને રોજગાર વાંચ્છુઓને રોજગારી મળી રહે તે માટે આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

(iii)

**માનનીય સભ્યશ્રી ભરતભાઈ પટેલનો સંકલ્પ**

ગ્રામીણ વિસ્તારોમાં પ્રજાજનોને પોતાના ગામમાંથી જ વિવિધ સરકારી સેવાઓ ઘેરબેઠા મળે તેવી ઐતિહાસિક ડિજિટલ ક્રાંતિ ડિજિટલ સેવાસેતુના અમલીકરણથી શક્ય બની છે. ઓક્ટોબર, ૨૦૨૦માં રાજ્ય સરકાર દ્વારા પ્રારંભ કરાયેલા આ સેવાસેતુના માધ્યમથી રાજ્યના અંતરિયાળ ૮૦૦૦ ગામોમાં ૪૫ જેટલી વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓ આવરી લેવાનો લક્ષ્યાંક છે.

ગામડાના નાગરિકોને પ્રમાણપત્રો, દાખલા કે યોજનાના લાભ માટે જરૂરી દસ્તાવેજો મેળવવા તાલુકા – જિલ્લા મથકે જવું જ ન પડે અને સમય તથા નાણાનો બચાવ થાય તેવી વ્યવસ્થાઓ આ ડિજિટલ સેવાસેતુ દ્વારા ગ્રામ્યસ્તરે જ સુનિશ્ચિત કરાઈ છે. આ નવી વ્યવસ્થામાં ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ સાથે વહીવટીતંત્રના વર્ક કલ્ચરમાં બદલાવ આવશે.

ડિસેમ્બર, ૨૦૨૦ સુધીમાં ડિજિટલ સેવાસેતુના વિવિધ લાભો માટે ૨૮ લાખ અરજીઓનો ઘરઆંગણે ઝડપી નિકાલ થયો છે. આમ, "આત્મા ગામડાનો, સુવિધા શહેરની" નો નવતર કોન્સેપ્ટ રાજ્ય સરકારે અપનાવેલ છે. રેશનકાર્ડને લગતી કામગીરી, આવક અંગેનું સોગંદનામું, આવકનો દાખલો, સિનિયર સીટીઝનનું પ્રમાણપત્ર, એફ.આઈ.આર.ની નકલ, ઓનલાઈન ટીકિટ, વિધવા સહાય અંગેનું પ્રમાણપત્ર, રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના, ધાર્મિક લઘુમતીનું પ્રમાણપત્ર, જાતિ અંગેનું પ્રમાણપત્ર, ઘરઘાટીની નોંધણી, ભાડૂઆતની નોંધણી, વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના જેવી અનેક યોજનાઓના લાભ પ્રજાજનોને ગ્રામ પંચાયતમાંથી જ મળી રહેશે.

ગ્રામીણ વિસ્તારોના સશક્તિકરણથી રાજ્ય સરકારે ગ્રામ સમૃદ્ધિ થી શહેર, શહેર થી રાજ્ય અને રાજ્ય થી રાષ્ટ્ર સમૃદ્ધિ – સશક્તિકરણની દિશામાં આગળ વધી નવા ભારતના નિર્માણનો પાયો નાખ્યો છે.

ડિજિટલ ઈન્ડિયા દ્વારા ડિજિટલ સેવાસેતુ 'આત્મનિર્ભર ભારત'ની પ્રતિબધ્ધતા સાકાર કરીને ગુજરાત દેશનું દિશાનિર્દેશક બને તે માટે ઝડપી પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**માનનીય સભ્યશ્રી ભરતભાઈ પટેલનો સંકલ્પ નિયમ- ૧૧૭(૫)ના પરંતુકની જોગવાઇને આધીન છે.**

**(ડૉ. નીમાબેન આચાર્ય ) અધ્યક્ષશ્રી**

**(શ્રી ડી. એમ. પટેલ)**
**Secretary**

*****************